**દાખલ તારીખ: ૧૨/૦૧/૨૦૨૬**

**નોંધ્યા તારીખ: ૧૨/૦૧/૨૦૨૬**

**હુકમ તારીખ: ૧૬/૦૪/૨૦૨૬**

**સમયગાળો: વર્ષ માસ દિવસ**

**ફોજદારી કેસ. ૧૦/૨૦૨૬**

**આંક–**

**શ્રી સરકાર**

**વી.**

**અલીયાસભાઈ હુશેનભાઈ ખોડ**

**રહે.માળીયા(મી),તા.માળીયા મી.**

**જી.મોરબી**

**સરકાર તર્ફે:– એ.પી.પી.શ્રી**

**આરોપી તર્ફે વકીલ શ્રી:– એમ ડી વાણીયા**

**બાબત:– જી.પી.એકટ ની કલમ ૧૩૫,૩૭(૧), મુજબ**

**– : ચુકાદો : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૪/૦૯/૨૦૨૫ ના કલાક ૧૯:૧૫ વાગ્યે મોજે માળીયા(મી) તાબેના વાડા વીસ્તાર ફાટક પાસે પોતાના પેન્ટના નેફામાં એક કાળા કલરના પ્લાસ્ટીકના હાથામાં ફીટ કરેલ સ્ટેનલ ેસ સ્ટીલની એકબાજુ ધાર વાળી અણીદાર છરી હથીયાર કિં.રૂા.૧ ૦/– વાળું ગણી રાખી મળી આવી જીલ્લા મેજી.મોરબીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ – તથા ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરિયાદીએ રોજ

માળીયા મીયાણા પોલીસ સ્ટેશનમાં બી.પાર્ટ ૮૦૭/૨૦૨૫ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આં ક–૧ મુજબનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરેલ છે.

(૨) આ કામના આરોપી હાજર થતા વિના મુલ્યે તપાસના કાગળો આપી આંક : ૦૪ થી આરોપીની પ્લી નોંધતા આરોપી દવારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોં ધવામાં આવેલ છે.

**(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, ફરિયાદપક્ષે જે તમામ વિગત ફોર્મ–સીમાં જણાવેલ છે. બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.**

ત્યારબાદ સદર કામે આરોપીઓના બી.એન.એસ.એસ.ની કલમ : ૩૫૧ મુજબ વધારાનું નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર મૌખીક દલીલો સાંભળી.

<u>– : દલીલો : –</u>

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દવારા તેઓની દલીલોમાં જણાવેલ છે કે આ કામે પોલીસ દવારા રજુ કરાયેલ તપાસ અને અં તે કરાયેલ ર્ચાજશીટ અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ દવારા રજુ રખાયેલ પુરાવાના આધારે આ કામના આરોપીને મહતમ સજા કરવા અરજ છે.

(૫) બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દવારા તેઓની દલીલોમાં જણાવેલ છે કે આ કામે ફરીયાદપક્ષના એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોએ પંચનામાની કોઈ હકીકતોનુ સર્મથન કહેલ નથી અને આવા સંજોગોમાં

ફરીયાદપક્ષના કેસને તેઓની જુબાની અને પંચનામુ ઉપયોગી નીવડતુ નથી. આ કામે અન્ય કોઈ સ્વંતત્ર સાહેદો નથી. આવા સંજોગોમાં આરોપી સામેનો ગુનો પુરવાર થતો ના હોય આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧)** શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે,આ કામના તા.૨૪/૦૯/૨૦૨૫ ના કલાક ૧૯:૧૫ વાગ્યે મોજે માળીયા(મી) તાબેના વાડા વીસ્તાર ફાટક પાસે પોતાના પેન્ટના નેફામાં એક કાળા કલરના પ્લાસ્ટીકના હાથામાં ફીટ કરેલ સ્ટેનલ ◌ેસ સ્ટીલની એકબાજુ ધાર વાળી અણીદાર છરી હથીયાર કિં.રૂા.૧ ૦/- વાળું ગણી રાખી મળી આવી જીલ્લા મેજી.મોરબીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ – તથા ૧૩૫ તથા ૩૭(૧) મુજબનો ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧) નકારાત્મક.

મુદ્દા નં.૨) આખરી હુકમ મુજબ.

**<u>- : નિર્ણય માટેના કારણો :-</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

**(૮)** ફરીયાદપક્ષ તરફે આંક : ૬ તથા આંક : ૮ થી પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદોએ તેમની સરતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું અને તે સીવાય બીજુ કાંઈ નહી જાણતા હોવાની હકીકત જણાવે છે. પોલીસ સાથે રેઈડવાળી જગ્યાએ જઈને પં

ચનામુ કરેલ હોવાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે. સદરહુ પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી. સદરહુ પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહીં આમ, પોલીસની કાર્યવાહીને પંચની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ,ફરિયાદ પક્ષ ગુનાવાળી જગ્યાનું તથા હથીયાર રીકવરીનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૯) આ કામના ફરીયાદી/ત.ક.અ રવીરાજસીહ પરમાર નાઓને આંક-૧૦ થી તપાસવામાં આવતા તેઓએ પોતાની સોગંધ પરની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તા.૨૪/૦૯/૨૦૨૫ ના કલાક ૧૯:૧૫ વાગ્યે મોજે માળીયા(મી) તાબેના વાડા વીસ્તાર ફાટક પાસે આવતા એક ઇસમ શંકાસ્પદ હાલતમાં જોવામા આવતા તેને ઊભા રાખી પંચો બોલાવી તેનું નામ પુછતા પોતાનું નામ અલીયાસ ખોડ હોવાનું જણાવેલ અને ઝડતી તપાસ કરતા તેના પેન્ટના નેફામાથી પ્લાસ્ટિકના કાળા હાથાવાળી સ્ટેનલેશ સ્ટીલની એકબાજુ ધારવાળી અણીદાર છરી હથીયાર રાખી મળી આવતા હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોય ધોરણસર અટક કરેલ. આરોપી વિરુદ્ધ અમો નાઓએ ફરીયાદ માળીયા પો. સ્ટે. માં આપેલ મને આ કામે રજૂ ફરીયાદ બતાવવામાં આવેલ જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું. જને રજૂ દા. **આંક-૧૧** આપવામાં આવે છે.જે ગુનાની તપાસ આઈ ટી જામ ને સોંપવામા આવતા તપાસ સંભાળી લીધેલ. વિગતવારનું પંચનામુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ નામ.કોર્ટમાં ચાર્જસીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ. બચાવપક્ષે આરોપીની ઓળખ અંગે તકરાર નથી.

ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પેટ્રોલીંગમાં ગયેલ તે અંગેના કોઇ લેખીત પુરાવા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે પંચોના નામ ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળે લોકોની અવરજવાર વાળો અને રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા આરોપીની ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે પોલીસે કરેલ કાર્યવાહીની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે હાલના કામે સ્ટેશન ડાયરીના કોઈ ઉતારા રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી છરી સાથે મળી આવેલ નથી. એ વાત ખરી છે કે અમારા ઉપરી અધિકારી તરફથી વારંવાર પ્રોહી તથા ટ્રાફિક તથા હથીયારબંધી અંગેના કેસ કરવા માટે સુચના આપવામાં આવે છે અને તે કેસ કરવાની ડ્રાઇવ કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે પુરતા પુરાવા ન હોવા છતા આરોપી વિરૂધ્ધ ખોટી તપાસ કરી ખોટુ ચાર્જસીટ કરેલુ.

(૧૦) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં આરોપી પાસેથી હથીયાર કબજે કરેલ હોવાનુ કથન થયેલ છે. તે પંચ સાહેદોએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક–૦૭ થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. આ કામે સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદો માત્ર પંચ સોહેદો જ છે અને જયારે તેઓ દવારા જ આ કામન ગુનાવાળી જગ્યાના હથીયાર રીકવરીનાપં

ચનામાને સર્મથન આપવામાં આવેલ નથી ત્યારે આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ નબળો બની જાય છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫</u>** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિમંતી સમય વેડફાવો જોઈએ નહી.

**(૧૧)** હાલના કામે તપાસવામા આવેલ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે તપાસવામા આવેલ પંચનામાના પંચો પંચનામાને સમર્થનકારી જુબાની હાલના કામે આપેલ નથી. સદર પંચ સાહેદોને એ. પી. પી. શ્રી ની મૌખિક વિનંતી થી ફરી ગયેલા જાહેર કરી સૂચક પ્રશ્નો પુછવા ની પરવાનગી આપવામાં આવેલ. જે અનુસંધાને ફરીયાદપક્ષ ધ્વારા સદર સાહેદો ને સૂચક પ્રશ્નો પુછવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ,હાલના કામે ફરીયાદપક્ષની કેસની હકીકત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા પંચોની હાજરીને આરોપી વગર પાસ પરમીટે હથીયાર સાથે મળી આવેલ હોય તે હકીકત શંકા ઉપજાવે છે. આમ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય હાલના કામના આરોપી ફરીયાદમાં જણાવેલ જગ્યાએ હથીયાર સાથે પ્રત્યક્ષ કબજામાં મળી આવેલ હોય તેવુ શંકારહિત પુરવાર થતુ નથી. વધુમાં હાલના

કામે બનાવ સ્થળ લોકોની અવરજવર વાળો અને રહેણાંક વિસ્તાર છે જે ધ્યાને લેતા બનાવ સ્થળે સ્વતંત્ર સાહેદ સરળતાથી મળી શકે તે હકીકત ફલીત થાય છે પરંતુ હાલના કામે પંચનામાના પંચ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો તપાસના કામે ત.ક.અધી.દવારા નીવેદન લીધેલ નથી. વધુમાં પોલીસ દવારા કરવામાં આવેલ કામગીરની નોંધ કે તે અંગેની નોંધના ઉતારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં હાલના કામે જીલ્લા મેજી.દવારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાનો યોગ્ય રીતે પ્રચાર થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. આમ ઉપરોકત જણાવ્યા મુજબ પંચ જે સ્વતંત્ર સાહેદ હોઈ જે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોઈ હાલના કામે ઘણી શંકા ઉપસ્થિત થતી હોઈ હાલના કામના આરોપી ફરીયાદમાં જણાવેલ જગ્યાએ પંચોની હાજરીમાં મળી આવેલ હોય તેવું શંકારહિત ફલિત થતુ નથી.

આમ, કેસની હકીકતો,પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે જે ધ્યાને રાખવા તેમજ આરોપીએ પોતાના બાચાવ પ્રી– પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત થી જ બતાવાનુ હોય છે. જેથી આ કામે ગુનો પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબ ચુકાદાને ધ્યાને લેતા તથા સમગ્ર પુરાવો તથા રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાં હથીયાર મળેલ હોય તે હકીકત શંકા રહીત ફલિત થતી નથી. જેથી આરોપીને યોગ્ય શં કા નો લાભ મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી હાલના કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્દાનો નિર્ણય ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**– : આખરી હુકમ : –**

– આ કામનાં આરોપી **અલિયાસભાઈ હુશેનભાઈ ખોડ**,રહે, માળીયા(મી)તા.માળીયા(મી)જી.મોરબીનાઓનેબી.એન. એસ.એસ.ની જોગવાઈ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ હથીયારનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીએ બી.એન.એસ.એસ.કલમ–૪૮૧ મુજબના અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

**હુકમ આજરોજ તા.૧૬ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો**

**તારીખ : ૧૬/૦૪/૨૦૨૬**
**માળીયા–મીયાણા.**

**(અર્જુનસિંહ)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**
**માળીયા–મીયાણા,**
**(જીજે ૦૧૩૬૩)**